

## વડીલોને વંદન અભિનંદન



શ્રી અરૂણભાઈ બુચ (૧૯૩૮) ફોન: ૨૩૨૬૦૩૭૦




કાંતિલાલ સી. ભટ્ટ (૧૯૨૨) ફોન: ૨૩૨૨૮૦૭૫



નારણભાઈ ચુડાસમા (૧૯૪૭) મો. ૮૭૩૩૦૧૭૦૩૩



વિઠ્ઠલભાઈ જે. પરમાર (૧૯૫૩)



મનુભાઈ એલ. સાવલીયા (૧૯૩૬) ફોન: ૨૩૨૨૩૫૭૧

# હિંમતનગર પોલીસનું 'નાક' કાપીને ગાંધીનગરની આરઆરસેલે ૨૧ જુગારીઓને દબોચી લીધા

## પુર્વ સરપંચ પુત્ર અને હિંમતનગર પાલિકાના ચાલુ નગરસેવકના નબીરો પણ જુગાર રમતાં ઝડપાયો

હિંમતનગર, તા. ૩

હિંમતનગરના હાજીપુરા ગામે માજી સરપંચના ખેતરમાં હિંમતનગરના બે બુટલેગરો દ્વારા શરૂ થયેલા જુગારધામ પર ગઈકાલે રાત્રીના આર.આર. સેલ દ્વારા દરોડો પાડી માજી સરપંચનો પુત્ર તથા હિંમતનગર પાલિકાની આવાસ યોજના સમિતિના ચેરમેનના પુત્ર અને ક્લબના બંને સંચાલકો સહિત અન્ય જિલ્લામાંથી જુગાર રમવા આવેલા ૨૧ પત્તાપ્રેમીઓની ૧.૦૪ લાખની રોકડ મળી કુલ રૂ. ૨.૨૯ લાખનો મુદ્દામાલ કબ્જે કરી સ્થાનિક પોલીસનું નાક કાપી હાથમાં આપી દીધું હતું. આર.આર. સેલે પાડેલા દરોડાના કારણે સ્થાનિક પોલીસ બેડામાં ગત રાતથી આજ સાંજ સુધી ભારે ચર્ચાઓ થતી જોવા મળી હતી અને દરોડાના પગલે કોના તપેલા ચડી જશે? તેની અટકળોનો દોર પણ ચાલુ રહ્યો હતો.

શહેરમાં દિવાળીના તહેવારો દરમિયાન દારૂના ધંધાર્થે સશસ્ત્ર અથડામણ કરી ચૂકેલા બે બુટલેગરોમાં સમાધાન થઈ જતાં અને હાલ ચૂંટણીપંચની ભીંસના કારણે દારૂના ધંધા પર થોડો કડપ આવ્યો હોય તેથી જુગારના ધંધા તરફ ધ્યાન દોડાવી સુરેશ ઉર્ફે પપ્પુ અને ભાવેશ જયસ્વાલ દ્વારા હિંમતનગર-અમદાવાદ હાઈવે પર આવેલા હાજીપુર ગામે ત્યાંના માજી સરપંચના ખેતરમાં જુગારધામ શરૂ કર્યું હોવાની બાતમી ગાંધીનગર આર.આર. સેલને મળી હતી. જેના પગલે સેલના પી.એસ.આઈ. એલ.બી. બોડાણા તથા તેમના સ્ટાફે ગત મોડી રાત્રે સ્થાનિક પોલીસને જાણ કર્યા વગર જ એકદમ ગુપ્ત રીતે દરોડો પાડ્યો હતો. પોલીસનો દરોડો પડતાં જ ચારેકોર નાસભાગ મચી ગઈ હતી. પરંતુ પોલીસે પહેલેથી જ ત્યાં કોર્ડન કરી લીધું હોય એકપણ જુગારી ત્યાંથી છટકી શક્યો ન હતો.

કહેવાય છે કે, સ્થાનિક પોલીસની મીઠી નજર તળે થોડા દિવસોથી અહીં જુગારધામ શરૂ થયું હતું અને મોટાપાયે તીનપત્તી સહિતનો વિવિધ જુગાર રમાતો હતો. અહીં સાબરકાંઠા ઉપરાંત અમદાવાદ, ગાંધીનગર અને મહેસાણા જિલ્લાથી જુગારીઓ જુગાર રમવા આવતા હતા. જ્યાં તેમને તમામ પ્રકારની સવલતો મળતી હતી. જેથી તેઓ નિશ્ચિંત બનીને જુગાર રમતા હતા. ગઈકાલે પડેલા દરોડામાં જુગારના બંને સંચાલકો સુરેશ ઉર્ફે પપ્પુ કનોજીયા, ભાવેશ ચંદુ જયસ્વાલ તેમજ જેના ખેતરમાં જુગારધામ ચાલતું હતું તેવા માજી સરપંચના પુત્ર મુકેશ કચરા પટેલ અને હિંમતનગર પાલિકાની આવાસ યોજના સમિતિના ચેરમેનના પુત્ર હિંમતસિંહ સવજી ભાટી સહિત ૨૧ જુગારીઓને તીનપત્તી રમતાં રંગેહાથ ઝડપી લઈ રૂ. ૧.૦૪ લાખની રોકડ રકમ જપ્ત કરી હતી. તેની સાથોસાથ મોબાઈલ અને વાહનો મળી કુલ રૂ. ૨.૨૯,૧૦૦નો મુદ્દામાલ જપ્ત કરી સ્થાનિક પોલીસના હવાલે કર્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, છેલ્લા થોડા સમયથી હિંમતનગર શહેર તથા આસપાસના વિસ્તારોમાં મોટાપાયે ઈંગ્લીશ દારૂની હેરાફેરી તેમજ દેશી દારૂની રેલમછેલ થઈ રહી છે. તેમજ ટપોરીઓ સરેઆમ મહિલાઓની છેડતી કરી રહ્યા છે. સાથોસાથ ચેઈન સ્નેચરોનો પણ ત્રાસ વધી રહ્યો છે તેની સામે કડક પગલા ભરવામાં નિષ્ફળ ગયેલા સ્થાનિક પોલીસ તંત્રની નાલેશીમાં એક ઔર પીંછુ ગઈકાલે પડેલા દરોડાથી ઉમેરાયું છે.



(તસવીર : મગનજી વણઝારા)



જુ.સી.કા. દ્વારા ૩ મહીના સુધી ઠંડી છાશનું વીતરણ કરવામાં આવી રહ્યું છે. રોજની લગભગ ૨૦૦૦ જેટલી છાશનું વિતરણ કરવામાં આવે છે. (તસવીર : કશ્યપ નિમાવત)

# ગાંધીનગરમાં ૩૦૦ યુવાનો રાહુલ ગાંધીની વિચાર ધારાથી પ્રેરાઈ કોંગ્રેસમાં જોડાયા

## શહેર પ્રમુખ મુકેશ પટેલે આવકાર્યા

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેર કોંગ્રેસમાં રાહુલ ગાંધીની વિચારધારાથી પ્રેરાઈને કોંગ્રેસના હાથને મજબૂત કરવા માટે શહેર પ્રમુખ મુકેશભાઈ પટેલની આગેવાની હેઠળ ૩૦૦ યુવાનો કોંગ્રેસમાં જોડાયા છે.

શહેરમાં આજે ૧૮ થી ૨૫ વર્ષના ૩૦૦ યુવાનોએ કોંગ્રેસ સાથે નાતો બાંધ્યો છે. જેમાં મેરૂસિંહ ચાવડા, તન્મય પટેલ, જૈમિન શુક્લ, અર્જુનસિંહ ડાભી, રોનકસિંહ ચાવડા, ભરતસિંહ ગોહિલ, શૈલરાજ, જીગર દરજી, હાર્દિક ઝાલા, નાસીર ધોબી, જય પટેલ, કિંજલ મકવાણા, રાજસિંહ, કુલદિપસિંહ, સબ્બીરહુસૈન, મનોજસિંહ ચાવડા, જય ચૌધરી, મેહુલ પટેલ સહિત ૩૦૦ યુવાનો કોંગ્રેસની વિચારધારા સાથે જોડાયા છે.

આ પ્રસંગે શહેર કોંગ્રેસ પ્રમુખ મુકેશભાઈ પટેલે યુવાનોને આવકાર્યા હતા અને જણાવ્યું હતું કે આજે દેશની વર્તમાન સ્થિતિ ખરાબ દિશામાં જઈ રહી છે. ત્યારે દેશની અખંડિતતા ટકાવી રાખવા લોકશાહીનું જતન કરવા માટે છેવાડાના માનવીનો સર્વાંગી વિકાસ થાય તે હેતુ કોંગ્રેસનો છે.

યુવાનોને ઝોન-૨ પ્રમુખ રાજેન્દ્રસિંહ ચાવડાએ શ્રેષ્ઠ માનવધર્મ ઉજાગર કરવા આહવાન કર્યુ હતુ. આજનો વિદ્યાર્થી યુવાન દેશનો જવાબદાર નાગરિક બની આનંદ લઈ રહ્યો છે. તેમજ લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવારને ભવ્ય બહુમતીથી વિજયી બનાવવા માટે યુવાનોને આહ્વાન કર્યુ હતુ.

## ગુજરાત કોલેજ રસાયણ વિભાગમાં શખ્સો ત્રાટક્યા

અમદાવાદ શહેરમાં તસ્કરો બેફામ બન્યા છે ત્યારે હવે તસ્કરોએ શહેરની પ્રખ્યાત ગુજરાત કોલેજને નિશાન બનાવી હતી. મંગળવારે ચેટીચાંદની જાહેર રજા હતી તે દરમ્યાન તસ્કરો ગુજરાત કોલેજના રસાયણ વિભાગમાંથી કોમ્પ્યુટર સહિતની માલમતાની ચોરી કરી ગયા હતા. આ અંગે આજે જાણકારી મળતા કોલેજના આચાર્યએ એલિસબ્રીજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

# પાટણ ખાતે નિર્માણ પામનારા વીરમાયા સ્મારક સમિતિની વરણી કરાઈ

## સમાજના દાતાઓ દ્વારા અવિરત દાનનો પ્રવાહ ચાલુ

ગાંધીનગર, તા. ૩

ગુજરાત વણકર સમાજ પાટણની સામાન્ય સભા મળી હતી. સભામાં વીરમાયા સ્મારક સમિતિની ત્રણ વર્ષ માટે સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. જેમાં ચેરમેન તરીકે ઝવેરભાઈ ચાવડા, વાઈસ ચેરમેન તરીકે રતિલાલ મકવાણા, પી.ડી. સુતરીયા, શામળભાઈ સુતરીયા, નરસિંહદાસ વણકર, અનીલભાઈ ચક્રવતી, મહામંત્રી તરીકે ડી.પી. પરમાર, ધીરજભાઈ સોલંકી (કાર્યક્રમ) કોષાધ્યક્ષ તરીકે ધનજીભાઈ જાદવ, મંત્રી તરીકે નવીનચંદ્ર પરમાર, કાંતિલાલ મકવાણા, દુર્ગેશભાઈ પ્રણામી (મોડાસા) અને સભ્યોમાં પી.આર. અઢીયોલ, વી.પી. વણકર, રમણલાલ વણકર (ઉંઝા), રવિ સોલંકી, પી.સી. પુરબીયા, બીપીન સાલ્વી અને મફતલાલ પરમારની વરણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે માયા ટેકરી પાટણ ખાતે નિર્માણ પામનાર વીરમાયા સ્મારક માટે સમાજના દાતાઓ સ્વ. પ્રાગજીભાઈ પરમાર દેથરિયા પરિવાર અને સ્વ. મગનભાઈ જાદવ સવા પરિવાર કંબોઈ પરિવાર દ્વારા રૂ. ૫,૧૧,૧૧૧ દાન આપવામાં આવ્યું હતું. તેમજ સમાજના ૧૫ દાતાઓ દ્વારા દાન આપવામાં આવ્યું હતું. સમાજના દાતાઓ દ્વારા અવિરત દાન આપવામાં આવતુ હોવાથી સમિતિએ દાતાઓનો આભાર માન્યો હતો.

## રામનવમી નિમિત્તે રામચરિત માનસ અખંડ પારાયણનું આયોજન

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરના સેક્ટર-૧ ખાતે આવેલ સુપ્રસિદ્ધ સમદર્શન આશ્રમમાં રામનવમીના પાવન પ્રસંગે રામચરિત માનસ અખંડ પારાયણનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ રામચરિત માનસ અખંડ પારાયણ તા. ૭મી એપ્રિલ સોમવારે સવારે ૬ વાગે પ્રારંભ થશે. જે ૮મી એપ્રિલ મંગળવારે સવારે ૯ વાગે વિરામ પામશે. અખંડપારાયણ દરમ્યાન સવારે ૧૦ થી ૧૨ વાગ્યા દરમ્યાન પૂજા કરાશે તેમજ પારાયણ દરમ્યાન રામ જન્મોત્સવની પણ ઉજવણી કરાશે. શહેરની ધર્મપ્રેમી જનતાને આ ધાર્મિક ઉત્સવનો લાભ લેવા હાર્દિક નિમંત્રણ આપવામાં આવ્યું છે.

# જામનગર કોંગ્રેસના આગેવાન જીતુ લાલે કોંગ્રેસ સાથે છેડો ફાડયો

ગાંધીનગર, તા. ૩

લોકસભા ચૂંટણીઓ માટે ગઈકાલથી ઉમેદવારી પત્રો ભરાવાની શરૂઆત થઈ તેની સાથે જ નારાજ આગેવાનો અને કાર્યકરોએ પક્ષ છોડીને અન્ય પક્ષોમાં જોડાવા માટેની દોડ ફરી શરુ કરી છે.

જામનગર શહેરના કોંગી આગેવાન જીતુ લાલે આજે કોંગ્રેસમાંથી રાજીનામું આપતાં જિલ્લા કોંગ્રેસમાં સોંપો પડી જવા પામ્યો છે. જામનગર શહેરમાં જીતુ લાલ કોંગ્રેસ પક્ષના એક તાકાતવર આગેવાન મનાઈ રહ્યા છે.

જામનગર ઉપરાંત જુનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકાના કોંગ્રેસના આગેવાન ૫૦ સમર્થકો સાથે આજે કોંગ્રેસ સાથે છેડો ફાડીને ભાજપમાં જોડાઈ ગયા હતાં.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ચૂંટણી આવતા સુધીમાં હજુ રાજયના વિવિધ જિલ્લાઓ અને તાલુકામાંથી કોંગ્રેસના નારાજ સ્થાનિક આગેવાનો કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાય તેવી શકયતાઓ સેવાઈ રહી છે.

જામનગર શહેરમાં આજે જીતુ લાલે કોંગ્રેસ છોડી દેતા કોંગ્રેસને મોટો ઝટકો લાગવા પામ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ અગાઉ જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના કોંગ્રેસ પ્રમુખ પણ કોંગ્રેસ સાથે છેડો ફાડીને ભાજપમાં જોડાયા હતાં.

# રાજયમાં ૭.૯૧ લાખ ઉપરાંત વિદેશી દારૂની બોટલ અને ૧,૦૫,૫૭૯ લીટર દેશી દારૂ જપ્ત

ગાંધીનગર, તા. ૩

આગામી લોકસભાની ચૂંટણીઓ ૨૦૧૪ મુકત, ન્યાયી તથા પારદર્શક વાતાવરણમાં શાંતિપૂર્ણ રીતે સંપન્ન થાય તે માટે ચૂંટણી તંત્ર દ્વારા કાયદો અને વ્યવસ્થાનાં સંદર્ભમાં અસરકારક આગોતરા પગલાં લેવામાં આવ્યા છે. પરવાનો ધરાવતા ૪૪,૯૦૯ જેટલા હથિયારો પોલીસ સ્ટેશનમાં જમા કરાવાયા છે. જમા કરાવાયેલા હથિયારો પૈકી સૌથી વધુ પરવાનો ધરાવતાં ૪૫૨૬ હથિયારો અમદાવાદ જિલ્લામાં જમા લેવામાં આવ્યા છે. જયારે ડાંગ જિલ્લામાં પરવાના ધરાવતાં સૌથી ઓછા ૨૮ હથિયારો જમા લેવામાં આવ્યા છે. એમ ગુજરાતનાં મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની કચેરીની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

ચૂંટણી દરમિયાન શાંતિ અને સલામતી વ્યવસ્થા જળવાઈ રહે અને મતદારો પારદર્શક વાતાવરણમાં નિર્ભયતાપૂર્વક તેમના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે ભારતના ચૂંટણીપંચે લોકસભાની સામાન્ય ચૂંટણી ૨૦૧૪ની જાહેરાત કરી ત્યારથી અત્યાર સુધીમાં કુલ ૯૩,૦૬૭ વ્યકિતઓ સામે સી.આર.પી.સી. એકટ હેઠળ અટકાયતી પગલાં લેવામાં આવ્યા છે. જે પૈકી અમદાવાદ જિલ્લામાં સૌથી વધારે ૮૫૪૨ વ્યકિતઓ સામે અટકાયતી પગલાં ભરવામાં આવ્યા છે.

ચૂંટણીની જાહેરાત થયા બાદ રાજયમાં અત્યાર સુધીમાં કુલ ૩૦,૩૫૮ વ્યકિતઓને બીન જામીનપાત્ર વોરંટ ઈસ્યુ કરવામાં આવ્યા છે. જે પૈકી અમદાવાદ જિલ્લામાં સૌથી વધુ ૩૯૧૯ વ્યકિતઓને બીનજામીનપાત્ર વોરંટ આપવામાં આવ્યા છે જયારે ડાંગ જિલ્લામાં સૌથી ઓછા ૧૯ વ્યકિતઓને બિનજામીનપાત્ર વોરંટ આપવામાં આવ્યા છે. સમગ્ર રાજયમાં અત્યાર સુધીમાં ૭,૯૧,૬૭૧ જેટલી વિદેશી દારૂની બોટલ અને ૧,૦૫,૫૭૯ લીટર જેટલો દેશી દારુ જપ્ત કરવામાં આવ્યો છે. જે પૈકી સૌથી વધુ અરવલ્લી જિલ્લામાંથી ૨,૫૭,૪૬૫ વિદશી દારૂની બોટલ જપ્ત કરવામાં આવી છે. સૌથી વધુ ૧૭,૫૯૩ લીટર જૂનાગઢ જિલ્લામાંથી અને સૌથી ઓછો ડાંગ જિલ્લામાંથી ૧૫૪ લીટર દેશી દારુ જપ્ત કરાયો છે એમ યાદીમાં વધુમાં જણાવાયું છે.

## શબ્દાવલી - ૫૩૫૭

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ■ | ૩ | ૪ | |
| | ■ | | | ૫ | | | |
| ૬ | ૭ | | ■ | | ■ | ■ | ■ |
| ■ | | ■ | ૮ | | | ૯ | ■ |
| ૧૦ | | ૧૧ | | | ■ | ૧૨ | |
| | ■ | ૧૩ | | | ૧૪ | | ■ |
| | ■ | ૧૫ | | ૧૬ | ■ | ■ | ૧૭ |
| ૧૮ | | | ■ | ૧૯ | | | |

### આડી ચાવી

૧. વહેંચવું, ... કરવું (૪)
૩. પોચુ, પોચકુ, ઢીલું (૩)
૫. પર્વતમાં બનાવાતું બોગદું ગુફા (૩)
૬. હાજર, સજીવ હોવું તે (૩)
૮. જે ક્ષેત્રોમાં લડાઇ થઇ, ભારતની સીમા રેખા (૪)
૧૦. આવરણ હઠાવવાની વિધિ (૫)
૧૨. ઢગલો, ટેકરો કરવો તે (૩)
૧૩. પ્રયોજન (૨)
૧૪. ચકલાને દાણા નાખે તે (૨)
૧૫. પીશાચી, ક્રૂર (૩)
૧૮. અસવારી (૩)
૧૯. છ ખુણાવાળી આકૃતિ (૪)

### ઊભી ચાવી

૧. લગ્ન, મેરેજ (૩)
૨. અહિતનું વિરોધી (૩)
૩. ભેંકડો, ભોંગો (૨)
૪. ચંચળ, અસ્થિર (૨)
૫. ઘડતર, નિયમનું માળખુ બાંધવું તે (૪)
૭. પીડા, કષ્ટ (૩)
૮. બંદુકમાં ભરવાની ગોળીઓનો હારડો, ગોળી (૪)
૯. રીત, સ્ટાઇલ (૩)
૧૦. અજવાળું (૪)
૧૧. વેપારી (૪)
૧૬. ઝેર (૨)
૧૭. બોલ, શબ્દ (૨)

### શબ્દાવલી ૫૩૫૬ના જવાબ

**આડી ચાવી :-** (૧) ધરપત (૩) સુરજ (૬) જાસો (૭) સંવેદના (૮) યશસ્વી (૧૦) બાણ (૧૧) કાવાદાવા (૧૫) પારદર્શક (૧૬) વલણ (૧૭) વિનિયોગ (૧૯) વાક (૨૦) પદ (૨૧) મરા

**ઊભી ચાવી :-** (૧) ધજા (૨) રસોયણ (૩) સુવે (૪) રદ (૫) જનાજો (૯) સ્વીકાર (૧૦) બાણાવળી (૧૨) વાકયો (૧૩) દાર્શનીક (૧૫) પાણકો (૧૮) ગણેશ

## કંપની સમાચાર

### હિન્દુસ્તાન યુનિવર્સિટીએ દેશમાં સૌપ્રથમવાર ઉભરતાં ક્ષેત્રો માટે ઈનોવેટિવ અંડરગ્રેજ્યુએટ પ્રોગ્રામ્સની જાહેરાત

હિન્દુસ્તાન યુનિવર્સિટીએ ચાલુ શૈક્ષણિક વર્ષમાં દેશમાં સૌપ્રથમવાર ઉભરતાં ક્ષેત્રો માટે ઈનોવેટિવ અંડરગ્રેજ્યુએટ પ્રોગ્રામનો પ્રારંભ કરી એક નવી પહેલ કરી છે. એન્જિનિયરીંગ અને ટેકનોલોજીની વિવિધ વ્યાપક શ્રેણીમાં સ્પેશિયલાઈઝેશન અંતર્ગત અંદાજે ૩૫ જેટલાં બી. ટેક પ્રોગ્રામ્સ ઉપલબ્ધ બનાવાશે. આ કાર્યક્રમો હાલમાં થયેલી પ્રગતિના ક્ષેત્રમાં હોઈ વિદ્યાર્થીઓને પ્લેસમેન્ટમાં બહેતર તક મળી રહેશે. હાલમાં પ્લેસમેન્ટ અને રીસર્ચમાં અનેક તકો ઉભી થઈ રહી છે. દેશમાં સૌપ્રથમ વાર આ પહેલ હાથ ધરાઈ રહી છે જેનો હેતુ ઉદ્યોગો માટે તાલીમબદ્ધ વિદ્યાર્થીઓને પુરો પાડવાનો છે.

હિન્દુસ્તાન યુનિવર્સિટીએ ચાલુ વર્ષે યોજાનારી એચઆઈટીએસઈઈઈ ૨૦૧૪ હિન્દુસ્તાન એન્જિનિયરીંગ એન્ટ્રન્સ એક્ઝામ માટેની તારીખો જાહેર કરી દીધી છે. યુનિવર્સિટી દ્વારા બી. ટેક અને બી. આર્ક સહિતના પ્રવાહો માટેની ઓનલાઈન એન્ટ્રન્સ એક્ઝામ ૨૬ અને ૨૭ એપ્રિલ-૨૦૧૪ના રોજ ચેન્નઈ ખાતે યોજાશે. એન્ટ્રન્સ એકઝામ માટેની અરજી યુનિવર્સીટીની વેબસાઈટ www.hindustanuniv. ac.in પરથી અને કેટલીક પસંદગીની પોસ્ટ ઓફિસ પરથી મેળવી શકાશે.

યુનિવર્સિટી દ્વારા કેટલાંક મહત્વના સ્પેશયિલાઈઝેશન ક્ષેત્રોમાં અભ્યાસ પુરો પાડવામાં આવે છે. જેમાં એરોનોટિકલ એન્જિનિયરીંગ વિથ સ્પેશિયલાઈઝેશન ઈન એવીએનિક્સ, ઓટોમોબાઈલ એન્જિનિયરિંગ વીથ સ્પેશિયલાઈઝેશન ઈન ઓટોટ્રોનિક્સ, ઓટોમોબાઈલ એન્જિનિયરિંગ વીથ સ્પેશિયલાઈઝેશન ઈન મોટર સ્પોર્ટસ એન્જિનિયરિંગ ઉપરાંત સિવિલ એન્જિનિયરિંગ, કોમ્પ્યુટર સાયન્સ વગેરે વિષયોનો સમાવેશ થાય છે.

## સંવેદનશીલ મતવિસ્તારો

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ બન્ને નિરીક્ષકો ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન ઉમેદવારોના ખર્ચ ચકાસશે એટલુ જ નહિ પંચની સૂચનાઓ મુજબ અન્ય બાબતો પણ જોશે. આ નિરીક્ષકો દ્વારા ખર્ચની ચકાસણી કરવા માટે ઉમેદવાર દીઠ શેડો રજીસ્ટર પણ બનાવશે અને તેની સાથે તેની ચકાસણી કરશે.

શ્રી પવનકુમાર ખેતાન અને શ્રી પ્રવિણકુમારે જણાવ્યું હતુ કે પંચની સૂચના અનુસાર ખર્ચ વ્યવસ્થાપન પર તેઓ ચાંપતી નજર રાખશે. ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન નાણાંના દુરૂપયોગને અટકાવવા માટે પંચ આ વખતે વધુ સક્રિય અને કઠોર બન્યુ છે.

## મિસ્ત્રીની ધરપકડ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉમેદવારી તે વખતે પરત લઈ લેવામાં આવી હતી જ્યારે ભાજપે નરેન્દ્ર મોદીને મેદાનમાં ઉતારવાનો નિર્ણય કર્યો હતો. પોલીસે માહિતી આપતા કહ્યું છે કે, મિસ્ત્રી અને અન્ય કોઈપણ કોંગ્રેસી નેતાએ કાર્યક્રમની મંજુરી લીધી ન હતી. આ સમગ્ર ઘટનાની વિડિયોગ્રાફી નિહાળીને મામલામાં વધુ કાર્યવાહી કરવામાં આવશે. કોંગ્રેસના એક કાર્યકરે માહિતી આપતા કહ્યું છે કે, નરેન્દ્ર મોદીના પોસ્ટર ઉપર પોતાના પોસ્ટર લગાવવાના પ્રયાસ કરાયા હતા પરંતુ પોલીસે તેમને રોકી દીધા હતા. મિસ્ત્રીએ આક્ષેપ કર્યો છે કે, પોલીસ અને જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓ પક્ષપાતી રીતે કામ કરી રહ્યા છે. શહેરના માર્ગો ઉપર મુકવામાં આવેલા જાહેરાત કિયોસ્કમાં તેમના પોસ્ટર લગાવવાની મંજુરી મળી રહી ન હતી. જ્યારે પોલીસ કર્મી તેમની પાસે આવ્યા ત્યારે તેમની પાસેથી ઓળખપત્રો માંગવામાં આવ્યા હતા. મધુસુદન મિસ્ત્રીને લઈને ભારે હોબાળો દિવસભર રહ્યો હતો. મધુસુદન મિસ્ત્રી પોતે પણ માર્ગની બાજુએ એક થાંભલા ઉપર ચડી જવાના પ્રયાસ કરતા નજરે પડ્યા હતા. જો કે, પોલીસે તેમને રોક્યા હતા. કોંગ્રેસના કાર્યકરોએ મોદીને ભાજપ સામે જોરદાર સૂત્રોચ્ચાર કર્યા હતા. તેમના પક્ષના ઉમેદવારને પોસ્ટર મુકવાની મંજુરી પણ અપાઈ રહી નથી તેવો આક્ષેપ કરાયો હતો. પક્ષની મહિલા કાર્યકરોએ આક્ષેપ કર્યો છે કે, પોલીસ સાથે તેમની ઝપાઝપી થઈ હતી અને માર પણ મારવામાં આવ્યો હતો. અગાઉ મિસ્ત્રીએ કોંગ્રેસના કાર્યકરો સાથે ધરણા યોજ્યા હતા.

## જાગૃતિ અભિયાન...

● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રયાસો શરૂ કરાયા છે. જાહેર સ્થળો પર હોર્ડિંગ્સ, મતદારોની જાગૃતિ માટે ખાસ કાર્યક્રમો જેવા કે યુથવોટર્સ રેલી, મહિલા વોટર્સ રેલી પણ યોજવામાં આવનાર છે.

મતદાર કાપલીની વાત કરતા જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી પી. સ્વરૂપે જણાવ્યું હતું કે, ફોટો મતદાર કાપલી બીએલો પોતાની સહી કરી આપશે. આ વખતે મતદાર કાપલીની એક જ નકલ છાપવામાં આવશે તે મતદાર મતદાન મથકે સાથે લઈ આવશે તો તેને મતદાન કરવા માટે અન્ય પુરાવાની જરૂર પડશે નહિ. તેમજ જે મતદારને મતદાર કાપલી મળી નથી તેમની જ કાપલી મતદાન મથક ખાતે પોલીંગબુથ ઓફિસર પાસે હશે. મતદારે અસલ ફોટો મતદાર કાપલી લઈને જ મતદાન મથકે આવવાનું રહેશે. ફોટો મતદાર કાપલીનું વિતરણ તા. ૨૫મી એપ્રિલ, ૨૦૧૪ સુધીમાં પૂર્ણ કરી દેવામાં આવશે.

ગાંધીનગર સંસદીય મત વિસ્તારની મત ગણતરીનું કેન્દ્ર સરકારી વાણિજ્ય કોલેજ, સેક્ટર-૧૫, ગાંધીનગર ખાતે રાખવામાં આવનાર છે. તેમજ અત્યાર સુધી આચારસંહિતા ભંગની કુલ ૧૬ ફરિયાદો જિલ્લામાં મળી હતી. જેમાંથી ૧૪ ફરિયાદોનો નિકાલ કરવામાં આવ્યો છે. ગાંધીનગર સંસદીય મત વિસ્તારમાં કુલ ૪૮,૭૩૦ મતદારોના ફોમ નંબર-૬ મળ્યા છે. જ્યારે ગાંધીનગર જિલ્લામાં આ ફોમ ૨૨,૧૩૯ મળ્યા છે.

આ પત્રકાર પરિષદમાં ખર્ચ નિયંત્રણ નિરીક્ષક તરીકે નિમાયેલા શ્રી ડૉ. પ્રવિણકુમાર અને શ્રી પવનકુમાર ખેતાને પોતાનો પરિચય આપીને સર્વેને તેમની કામગીરીથી વાકેફ કર્યા હતા. આ બેઠકમાં એક્ષપેન્ડિયર મોનીટરીંગ સેલના ચીફ નોડલ ઓફિસર શ્રી વિક્ટર મેકવાન, આચાર સંહિતાના નોડલ અધિકારી શ્રી જયશ્રીબેન દેવાંગણ, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી ધર્મેશભાઈ પટેલ સહિત પત્રકારો ઉપસ્થિત રહ્યા હતા.

## સફળ પ્રયોગશાળા...

● અનુસંધાન પહેલાનું ચાલુ

ખાતે આવી પહોંચશે. માટે ૭ જેટલા માસ્ટર્સ ટ્રેઈનર્સને દિલ્હીમાં તાલીમ અપાઈ છે. અને ટુંક જ સમયમાં તમામ પોલીંગ ઓફિસરોને તાલિમ આપવામાં આવશે.

ડૉ. સ્વરૂપે જણાવ્યું હતું કે આસિ. ઝોનલ ઓફિસર્સ સહિતના કર્મીઓને આ અંગેની તાલિમ આપવામાં આવશે. આ મશીન અને તેમાંથી નીકળનાર કાપલીઓને અલગ સીલ કરવામાં આવશે. આ કાપલીઓ જે અલગ પડશે તેને કોઈ જોઈ શકશે નહિ. મતદાનની ગુપ્તતા સંપૂર્ણ રીતે જળવાશે. તેમણે પત્રકારોના પ્રશ્નોના ઉત્તરમાં જણાવ્યું હતું કે આ મશીનો ઈ.વી.એમ. સાથેના જ સ્ટ્રોંગરૂમમાં રાખવામાં આવશે. તેમણે જણાવ્યું હતું કે ૧૫ મીટરનો રોલ હશે અને મતદાતા જે મતદાન કરશે તે ઉમેદવારનું નામ અને સિમ્બોલ દર્શાવતી કાપલી એક બોકસમાં જે હશે તેમાં ઓટોમેટીક કટ થઈને પડશે.

આ મશીન મતકુટિરમાં જ બેલેટ યુનિટ સાથે જ સંકળાયેલું રહેશે. આ મશીન અંગેની જાગૃતિ આવે અને લોકોને જાણકારી મળી રહે તે રીતેના તેના ખાસ નિદર્શનો યોજવામાં આવશે તેમજ તેનું એક સતત નિદર્શન જનસેવા કેન્દ્ર અને મદદનીશ ચૂંટણી અધિકારીની કચેરી ખાતે કરવામાં આવશે.

ગાંધીનગર સંસદીય મતવિસ્તારમાં ૧૭૭૦ મતદાન મથકો છે અને ૨૦૦૦ જેટલા વી.વી.પેટ આપણને ઉપલબ્ધ બનનાર છે એમ પણ પત્રકારોના પૂરક પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યું હતું.

એક અન્ય પ્રશ્નના ઉત્તરમાં તેમણે એવી પણ સ્પષ્ટતા કરી હતી કે જે સ્લીપો મળી હશે તેની ગણત્રી કરવામાં આવશે નહિ પરંતુ કોઈ અસામાન્ય સંજોગો ઉભા થશે તો ચૂંટણી અધિકારી તે અંગે નિર્ણય લઈ શકશે. ડૉ. સ્વરૂપે જણાવ્યું હતું કે અત્યંત આધુનિક મશીન છે-આ મશીનનો એક કંટ્રોલ પોઈન્ટ પોલીંગ ઓફિસર પાસે હશે જેમાં માત્ર બેટરીની સ્થિતિ વિશે જ જાણકારી મળી શકશે.